| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૨૫/03/૨૦૨૦ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૫૮૬/૨૦૨૦**

## જુગાર ધારાના આરોપીની અટકાયતની વિગત

### ઇસનપુર પોલીસ સ્ટેશન

### જુગાર ધારા કલમ ૪,૫ મુજબનો ગણના પાત્ર કેસ શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી “જે” ડીવીજન સાહેબ નાઓ તરફથી અવાર-નવાર પ્રોહી-જુગારની ગેરકાયદેસર પ્રવુત્તી નેસ્ત નાબુદ કરવા માટેની સુચનાઓ મળતી હોય અને પ્રોહી-જુગારના કેસો શોધી કાઢવા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબનાઓની સાથે સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા ગોવિંદવાડી ચાર રસ્તા પાસે આવતા અ.હે.કો સુનીલકુમાર જયંતીભાઇ તથા અ.પો.કો ઘનશ્યામભાઇ મેકરણભાઇ નાઓને સયુક્ત બાતમી મળેલ કે ઇસનપુર વિશાલનગર કૃષ્ણકુંજ સોસાયટી મ.નં બી/૩૭ ખાતે રહેતો પ્રઞ્નેશ શૈલેશભાઇ પટેલ નામનો ઇસમ પોતાનો અંગત આર્થિક લાભ મેળવવા માટે બહારથી ખેલીઓને બોલાવી પોતાના ઘરમા જુગાર રમવાની વ્યવસ્થા કરી આપી જુગારના સાધનો પુરા પાડી નાળ ઉઘરાવી ગંજીપાનાથી પૈસાનો હારજીતનો તીનપત્તીનો જુગાર રમી રમાડે છે જે હકિકત આધારે આજરોજ તા ૨૪/03/૨૦૨૦ ના કલાક ૧૭/30 વાગે કૃષ્ણકુંજ સોસાયટી મ.નં બી/૩૭ ખાતે જુગાર અંગે રેઇડ કરી જુગાર રમતા (૧) પ્રઞ્નેશ શૈલેશભાઇ પટેલ ઉ.વ ૩૪ રહે,મ.નં બી/૩૭ કૃષ્ણકુંજ સોસાયટી વૈરાટનગર ઇસનપુર અમદાવાદ શહેર+૪=૫ નાઓને જુગારના સાધનો રોકડા નાણા રૂપિયા ૩૫,૧૦૦/-તથા મોબાઇલ ફોન નંગ-૪ કિંમત રૂપિયા ૩૮,000/-તથા

ગંજીપાના નંગ-૫૨ તથા વપરાયેલ કેટ નંગ-૩ તથા પાથરણુ નંગ-૦૧ મળી કુલ રૂપિયા ૭૩,૧૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી ઇસનપુર પો.સ્ટેશન પાર્ટ-B-૧૧૧૯૧૦૨૨૨૦૦૩૪૫ જુગારધારા કલમ ૪,૫ મુજબનો ગુનો દાખલ કરી કાર્યવાહી કરવામા આવેલ છે તા.૨૪/૦૩/૨૦૨૦



## ઇસનપુર પોલીસ સ્ટેશન

### જુગારનો ગણના પાત્ર કેસ શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી “જે” ડીવીજન સાહેબ નાઓ તરફથી અવાર-નવાર પ્રોહી-જુગારની ગેરકાયદેસર પ્રવુત્તી નેસ્ત નાબુદ કરવા માટેની સુચનાઓ મળતી હોય અને પ્રોહી-જુગારના કેસો શોધી કાઢવા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબનાઓની સાથે સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા શાહઆલમ દરવાજા પાસે આવતા અ.પો.કોન્સ દેવેન્દ્રસિહ વેલુભા તથા લોકરક્ષક અનિરૂધ્ધસિહ જાલુભા નાઓને સયુક્ત બાતમી મળેલ કે અગાઉ અગાઉ જુગારના કેસમા પકડાયેલ અને ગુલીસ્તાન સોસાયટી શાહઆલમ ખાતે રહેતો મુજફ્ફરખાન ઉર્ફે લાલા અજબખાન પઠાણનાનો બહારથી ખેલીઓ બોલાવી લાલાખાન કોમ્પલેક્ષ એ-બ્લોકના પાર્કિંગમા ગંજીપાનાથી પૈસાનો તીનપત્તીનો હારજીતનો જુગાર રમી રમાડે છે જે હકિકત આધારે આજરોજ તા ૨૩/૦૨/૨૦૨૦ ના કલાક ૧૭/૩૦ વાગે લાલાખાન કોમ્પલેક્ષના પાર્કિંગમા જુગાર અંગે રેઇડ કરી જુગાર રમતા (૧) ઇલીયાસ હુસેનભાઇ ખોજાણી ઉ.વ ૪૨ રહે,મ.નં ૬ ગુલીસ્તાન સોસાયટી શાહઆલમ  અમદાવાદ શહેર+૬=૭ નાઓને જુગારના સાધનો રોકડા નાણા રૂપિયા ૨૬,૫૫૦/-તથા મોબાઇલ ફોન નંગ-૩ કિંમત રૂપિયા ૨૨,૦૦૦/-તથા ગંજીપાના નંગ-૫૨ તથા પાથરણુ નંગ-૦૧ મળી કુલ રૂપિયા ૪૮,૫૫૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી ઇસનપુર પો.સ્ટેશન પાર્ટ-B-૧૧૧૯૧૦૨૨૨૦૦૩૪૩ જુગારધારા કલમ ૧૨ મુજબનો ગુનો દાખલ કરી કાર્યવાહી કરવામા આવેલ છે તા.૨૩/૦૩/૨૦૨૦



# પેસેન્જરોને વાહનની વ્યવસ્થા કરી આપતા

## એરપોર્ટ પોલીસ સ્ટેશન :-

## કોવિડ ૧૯ ના ભયના ઓથાર હેઠે ૨૦૦૬ પેસેન્જરોને સલામત રીતે પોતાના વતન તરફ જવા વાહનની વ્યવસ્થા કરી

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી, સેક્ટર-૨, અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૪, અમદાવાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, ' જી ' ડીવીઝન, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ એરપોર્ટ પોલીસ સ્ટેશન પો.ઈન્સ.શ્રી કે.સી.રાઠવા સાહેબ તથા સ્ટાફના માણસોએ હાલમાં કોવિડ ૧૯ વાઈરસની વૈશ્વિકની મહામારી ચાલે છે તે અનુસાંધને સમગ્ર દેશમાં લોક ડાઉન જાહેર કરેલ છે જે દરમ્યાન " **કોવિડ ૧૯ ના ભયના ઓથાર હેઠે** " અમદાવાદ એરપોર્ટ ખાતે કુલ ૪૭ જેટલી ફ્લાઈટ્સ માં આવાગમન કરતા આશરે ૨૦૦૬ જેટલા પેસેન્જરોને સલામત રીતે ગુજરાતના અલગ-અલગ ગામો તથા શહેરમા તેમજ મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, રાજ્યોના મુસાફરોને પોત પોતાના રહેઠાણ સુધી મોકલવા સારુ અલગ અલગ વાહનો જેમાં આશરે ૨૫૦ જેટલી ટેક્ષીઓ તથા ૫ લક્ઝરી બસનો પ્રબંધ કરી પેસેંન્જરોને કોઇ અગવડ ન થાય તેમજ જરૂરી સેનેટાઇઝેશન સાથે ટેમ્પરરી પ્રમાણપત્ર આપી પેસેન્જરો પાસેથી કોઇપણ જાતનો એક્સ્ટ્રા ચાર્જ વસુલ્યા સિવાય રેગ્યુલર ભાડા સાથે અને પોલીસ બંદોબસ્ત સાથે સલામત રીતે પોત પોતાના ઘરે પહોચાડવાની કાર્યવાહી કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :

(૧) પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી કે.સી.રાઠવા તથા એરપોર્ટ પોલીસ સ્ટાફ





**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૮૭/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭ કેસ કરી, ૮ વ્યક્તિઓને ઝડપી, ૧૬૮ દેશી દારૂ, ૧ મોટર સાયકલ અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી, ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૬,૭૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૮૮/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૮૯/૨૦૨૦**

**ઘાટલોડીયાઃ** ચેતનબહેન અજયભાઇ પુરબીયા (ઉ.વ.૨૦) (રહે.સંજયનગર ગેટ નંબર-૪ નારણપુરા ટેલીફોન એક્ષચેન્જ પાસે નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૨૪/03/૨૦૨૦ કલાક ૯/00 થી ૯/30 વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જીવનભાઇ મેઘજીભાઇ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** કોમલબહેન દિનેશભાઇ નાડીયા (ઉ.વ.૨૦) (રહે. ત્રીકમલાલ વકીલની ચાલી છેલ્લા બસ સ્ટેન્ડ મેઘાણીનગર) એ બિમારીથી કંટાળી તા.૧૯/03/૨૦૨૦ સવારના ૧૦/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૪/03/૨૦૨૦ બપોરના ૪/30 વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી લક્ષ્મણભાઇ અભાભાઇ ચલાવે છે.

**રખિયાલઃ** મોહમદઅકરમ મોહમદસલીમ અંસારી (ઉ.વ.30) (રહે. અમનચોક બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૧/03/૨૦ ના રોજ પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને શારદાબેન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૪/03/૨૦૨૦ કલાક ૧/00 વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી નારાયણભાઇ કમજીભાઇ ચલાવે છે.

**કાગડાપીઠઃ** વિકાસ કિશોરભાઇ ચુનારા (ઉ.વ.૨૬) (રહે. અંકુરમીલની ગલી હુલ્લડીયા હનુમાન મંદિર પાસે કાગડાપીઠ) એ અગમ્ય કારણસર તા.૨૪/03/૨૦૨૦ બપોરના ૪/૫૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અનુભા છનુભા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી